**<u>મે. શ્રી જજ લેબર કોર્ટ તથા જ્યુડી.મેજી.(ફસ્ટ.ક.)સાહેબની કોર્ટમાં, મુ. ગોધરા</u>**

**ફો.કે.નં.:– ૧૦/૨૦૨૬**

**આંક–૦૭**

**ફરીયાદી :–** શ્રીમતી પી. કે. બારીઆ,
સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટર,
બહુમાળી ભવન ભોંયતળીયે,
જીલ્લા સેવા સદન–૨, ગોધરા.

**:: વિરૂધ્ધ ::**

**આરોપી :–** Prerakkumar Vinodchandd Patel
C/o. Bombay Sandwich,
Bus Station Road, Church Chowk, Godhra. 389001.
Dist- Panchmahal.

**<u>ગુનો:</u>– લઘુત્તમ વેતન અધિનિયમ (૧૯૪૮ ના અધિનિયમ–૧૧ માની) કલમ અનુસાર શિક્ષાને પાત્ર, ૧૯૪૮ લઘુતમ વેતન અધિનિયમની કલમ–૧૮ સાથે વાંચતા ૧૯૬૧ ગુજરાત લઘુતમ વેતન નિયમોના નિયમ–૨૬(ડી), નિયમ–૨૬(૨), નિયમ–૨૬(બી)(૧) અને નિયમ–૨૨ ના ઉલ્લઘન બદલ શિક્ષા પાત્ર મુજબ...**

**ફરીયાદ પક્ષે :– ગેરહાજર**

**આરોપી તરફે :–**

**<u>–: ઠ રા વ :–</u>**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી લઘુતમ વેતન અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૧૯ (૧) નીચે ઈન્સ્પેકટર તરીકે નિમાયેલા છે. આ કામના ફરીયાદીએ **તા.૨૯/૦૯/૨૦૨૫** ના રોજ આ કામના આરોપીના સંસ્થાની મુલાકાત દરમ્યાન આરોપીએ **૧૯૪૮ લઘુતમ વેતન અધિનિયમની કલમ–૧૮ સાથે વાંચતા ૧૯૬૧**

**ગુજરાત લઘુતમ વેતન નિયમોના નિયમ–૨૬(ડી), નિયમ–૨૬(૨), નિયમ–૨૬(બી)(૧) અને નિયમ–૨૨** સાથે વાંચતા લઘુત્તમ વેતન અધિનિયમની **કલમ–૨૨ એ** નો ભંગ કરેલ હોવાનું જણાઈ આવતાં આ કામના ફરીયાદીએ સક્ષમ અધિકારી ધ્વારા ફરીયાદ દાખલ કરવા પરવાનગી મેળવી આરોપી સાથે ધોરણસરની ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતાં આરોપીને આ અદાલતે સદરહું અધિનિયમની જોગવાઈ મુજબના ગુન્હાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ હતો.

**(૨)** આરોપીને સમન્સ બજી જતાં આરોપી તરફે ઓથોરાઈઝડ પર્સન આજરોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થતાં, આરોપીએ ગુનાની કબુલાત પુરશીસ **આંક–૦૫** થી રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ આરોપી વતી ગુનો કબુલ કરેલ છે, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

**(૩)** આરોપીના ઓથોરાઈઝડ પર્સન તરફે ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા તેમને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપી ધ્વારા **આંક–૦૬** થી પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ આરોપીઓ વતી ઓથોરાઈઝડ પર્સન ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

**(૪)** ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેનાં ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવુ છે. ફરીયાદની હકીકતો લક્ષમાં રાખતા આરોપીઓનું પ્રથમ ગુનો હોય તે લક્ષમાં રાખતાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકરો રીર્પોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે. તેમજ તેની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:: <u>આખરી હુકમ</u> ::

(૧) સદર કામના આરોપીને **બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫** અન્વયે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ અને અન્વયેના **૧૯૪૮ લઘુતમ વેતન અધિનિયમની કલમ–૧૮ સાથે વાંચતા ૧૯૬૧ ગુજરાત લઘુતમ વેતન નિયમોના નિયમ–૨૬(ડી), નિયમ–૨૬(૨), નિયમ–૨૬(બી)(૧) અને નિયમ–૨૨** ના ભંગ બદલ લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ કલમ–૨૨ એ અન્વયે તકસીરવાન ઠરાવી કરેલ દરેક ભંગ બદલ આરોપીને **રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** લેખે કુલ **રૂા.૮,૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧૫ ની સાદી કેદની સજા ભોગવવા આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ **કુલ રૂા.૮,૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા) દંડ** ભરવો.

આ હુકમ આજ રોજ **તા.૧૪ માહે. માર્ચ, સને–૨૦૨૬** ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. : ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ : ગોધરા**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code No.: GJ01461**
**જ્યુડી. મેજી. ફ.ક.**
**મજુર અદાલત, ગોધરા.**

**–: સાદર રજુ :–**

**આરોપી ધ્વારા દંડની રકમ રૂા.................................**
**(અંકે રૂપીયા.................................................)**
**પહોંચ નં....................મુજબ ભરપાઈ કરવામાં આવેલ છે.**

**તા. : ૧૪/૦૩/૨૦૨૬**

**સબ–એકાઉન્ટન્ટ**
**મજુર અદાલત,ગોધરા.**